ગાંધીનગર સમાચાર

# સેન્સેક્સ ઉછળીને વિક્રમી સપાટી પર

મુંબઈ, તા.૨૧

શેરબજારમાં આજે નવેસરથી તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૨૬૭ પોઈન્ટ ઉછળીને ૨૮૩૩૫ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૭૫ પોઈન્ટ ઉછળીને ૮૪૭૭ની સપાટીએ રહ્યો હતો. અગાઉ સેન્સેક્સ એકવખતે ૨૮૩૬૧ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. આવી જ રીતે નિફ્ટી પણ ૮૪૯૦ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે અંતે તેમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. વિદેશી સંસ્થાકીય મુડીરોકાણકારોએ ભારતીય ઇક્વીટીમાં ગુરુવારના દિવસે ૪૭૭.૧૫ કરોડની કિંમતના શેર વેચ્યા હતા. સેક્ટરલ અને શેરના મોરચે વાત કરવામાં આવે તો બીઈએસઈ બેંકેક્સમાં સૌથી વધુ સુધારો રહ્યો હતો. તેમાં ૨.૩ ટકાથી વધુનો સુધારો રહ્યો હતો. બીએસઈ કન્ઝ્યુમર ડ્યુરેબલ, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ ઈનડેક્સમાં ૧-૧.૫ ટકા વચ્ચેનો સુધારો રહ્યો હતો. જોકે, આઈટી અને



હેલ્થકેર ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. તેમાં ૦.૩-૧ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. બેંકીંગ શેરની માંગ જોવા મળી હતી. જેથી તેમાં ઉલ્લેખનીય ઉછાળો રહ્યો હતો. એસબીઆઈએ આજે દેશની મોસ્ટ વેલ્યુએડ બેંકની સ્થિતિ ફરી હાંસલ કરી હતી.

કુલ માર્કેટ વેલ્યુએશનનો આંકડો ૨.૨૫ લાખ કરોડ સુધી પહોચ્યો હતો અને એચડીએફસીને પાછળ છોડી હતી. માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૩૭૬ શેરમાં તેજી અને ૧૬૩૬ શેરમાં મંદી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં હાલમાં ચાલી રહેલી ઉથલ પાથલ વચ્ચે ગઈકાલે સેન્સેક્સમાં ૩૫ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. કારોબારના અંતે ગુરુવારે સેન્સેક્સ ૩૫ પોઈન્ટ ઉછળીને ૨૮૦૬૮ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૦ પોઈન્ટ ઉછળીને ૮૪૦૨ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ ઉથલપાથલ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. છેલ્લા બે દિવસથી શેરબજારમાં અવિરત તેજી રહી છે.

## હવે ઇબોલાગ્રસ્ત લોકોની એન્ટ્રીને રોકી દેવા તૈયારી

નવી દિલ્હી,તા. ૨૧

વર્તમાન કટોકટીની નોંધ લઈને સરકારે ઈબોલાગ્રસ્ત લોકોના પ્રવેશ પર થોડાક સમય માટે પ્રતિબંધ મુકી દેવાની હિલચાલ હાથ ધરી છે. ટુંક સમયમાં જ આ અંગે અંતિમ નિર્ણય લેવાય તેવી શક્યતા છે. સરકાર સારવાર લીધાના ત્રણ મહિના પહેલા ભારતમાં નહી આવવા અસરગ્રસ્ત લોકોને સુચના આપવા ઈચ્છુક છે. અસરગ્રસ્ત લોકોને સારવાર લીધાના ત્રણ મહિના પહેલા પ્રવેશ નહી અપાય તેવી શક્યતા છે. સુત્રોએ કહ્યું છે કે આરોગ્ય મંત્રાલય દ્વારા વિદેશ મંત્રાલયને આ અંગે સુચના આપી દીધી છે. વધુ પગલા લેવામાં આવી રહ્યા છે.ઈબોલા રોગને કારણે વિશ્વના અનેક દેશો અસરગ્રસ્ત થઈ રહ્યા છે. વિશ્વમાં હજારો લોકોના મોતત થઈ ગયા છે. આફ્રિકન દેશોમાં સૌથી વધારે અસર દેખાઈ રહી છે. દરમિયાન ભારતમાં એક કેસ નોંધાયા બાદ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. દરેક વિમાનીમથકે ખાસ તપાસ કરવામાં આવી રહી છે. યાત્રીઓના ઈતિહાસ અંગે પણ માહિતી મેળવી લેવામાં આવી રહી છે. જો કે ભારત સરકારે કહ્યું છે કે આ રોગને લઈને ચિંતા કરવાની જરૂર નથી. તમામ પગલા લેવામાંઆવ્યા છે. અસરગ્રસ્ત વ્યક્તિને ખાસ સારવાર આપવામાં આવી રહી છે.

## જમ્મુ-કાશ્મીરમાં ૫.૩ તીવ્રતાનો ફરીથી ભુકંપ

શ્રીનગર, તા. ૨૧

જમ્મુ કાશ્મીરમાં ભુકંપનો પ્રચંડ આંચકો આજે અનુભવાયો હતો. બપોરના ગાળામાં આંચકો આવ્યા બાદ લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. ભુકંપ સાથે સંબંધિત વિભાગના અધિકારી સોનમ લોટસે વિગત આપતા કહ્યું હતું કે, બપોરે ૨.૨૮ વાગ્યે ૫.૩ ની તીવ્રતાનો પ્રચંડ આંચકો અનુભવાયો હતો. ભુકંપનું કેન્દ્ર હિંદુકુશ પહાડી હોવાનું જાણવા મળેલ છે. પ્રાંતીય વહિવટીતંત્રના અધિકારીઓએ કહ્યું હતું કે, જાનમાલના નુકશાનના કોઈ અહેવાલ મળ્યા નથી. રિક્ટર સ્કેલ ઉપર ૭.૬ની તીવ્રતાનો વિનાશકારી આંચકો ઓક્ટોબર ૨૦૦૫માં આવ્યો હતો જેમાં ૪૦ હજારથી પણ વધુ લોકો ભારત અને પાકિસ્તાનમાં મૃત્યુ પામ્યા હતા. રાજ્યને વિભાજીત કરે તેવા પાકિસ્તાનના હિસ્સા અને ભારતીય ક્ષેત્રમાં ઓક્ટોબર ૨૦૦૫માં આંચકો આવ્યા બાદથી ઉંડી તપાસ અને અભ્યાસની કામગીરી હાથ ધરાઈ હતી.

### ઝારખંડમાં નરેન્દ્ર મોદીએ ચુંટણી પ્રચારનું રણશિંગુ ફુંક્યું

## રોજગારી વધારવા પર ખાસ ધ્યાન આપવાની નરેન્દ્ર મોદીની ખાતરી

રાંચી,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં ભાજપના ચુંટણી પ્રચાર માટેનું રણશિંગુ આજે ફુંકી દીધું હતું. મોદીએ ઝારખંડના ડાલ્ટનગંજ અને અન્ય એક જગ્યાએ રેલીને સંબોધતા લોકલક્ષી મુદ્દાઓને ઉઠાવ્યા હતા. મોદીએ કહ્યું હતું કે આજે દુનિયાના દરેક દેશો ભારત દેશ સાથે કામ કરવા ઈચ્છુક છે. ભારત સાથે કામ કરવાને લઈને દુનિયાના દેશો પણ ગર્વ અનુભવ કરી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર લોકોને તમામ રાહતો આપવા માટે કટીબદ્ધ છે. ગરીબોને રોજગારીની તકો આપવા માટે ઈચ્છુક છે. મોદીએ કહ્યું હતું કે, ભાજપ સરકાર ઝારખંડના ભાગ્યને પણ બદલવા માટે ઈચ્છુક છે. તેમણે કહ્યું હતું કે, તેઓ ઝારખંડની સેવા કરવા માટે ઈચ્છુક છે. ઝારખંડના ગરીબો, આદિવાસીઓ અને યુવાનોની સેવા કરવા માટે ઈચ્છુક છે. આના માટે તેમને તક મળે તે જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે, લોકશાહીમાં કોઈની રાજાશાહી ચાલતી નથી. લોકશાહીમાં લોકો તમામ બાબત નક્કી કરે છે. મોદીએ રેલીને સંબોધતા કહ્યું હતું કે, લોકસભા ચુંટણીમાં જીત અપાવવા



બદલ તેઓ આભાર માનવા માટે અહીં આવ્યા છે. આ વખતે લોકોમાં ભાજપ પ્રત્યે લોકસભા ચુંટણી કરતા પણ વધારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિદેશયાત્રાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, તેઓ જ્યાં પણ ગયા ત્યાં તેમના મનમાં દેશની જ બાબત હતી. ઓસ્ટ્રેલિયામાં જઈને તેમને જાણવા મળ્યું કે, નાના અને ગરીબ ખેડૂતો ઓછી જમીન હોવાની સ્થિતિમાં પણ સુખી છે. તેમની આવક વધી રહી છે. બાળકો, માતાઓ અને બહેનોના આરોગ્ય અંગે ચિંતા વ્યક્ત કરતા મોદીએ કહ્યું હતું કે, તેઓ ઓસ્ટ્રેલિયામાં વૈજ્ઞાનિકોને મળ્યા હતા. ભારતના ખેડૂતો મોટાભાગે સામાન્ય પેદાશની ખેતી કરે છે. પરંતુ એક એકર ભૂમિમાં જેટલી પેદાશ થવી જોઈએ તેટલી મળતી નથી. એવી દવાની શોધ કરવામાં આવે કે જેનાથી પુરતો પાક થાય. ભારતની ગરીબી દૂર થાય તે માટે પગલા લેવાઈ રહ્યા છે. આદિવાસી અને પછાત ગરીબ ખેડૂતોની મદદ કરવા માટે તેઓ કટીબદ્ધ છે. ગુજરાતમાં તેઓ સરકાર ચલાવી ચુક્યા છે પરિવારવાદમાંથી મુક્તિ જરૂરી છે. ભાઈ ભતીજાવાદને દૂર કરવાની જરૂર છે. અહીંની સરકાર કેન્દ્રના પ્રધાનોને ધમકી આપવાની વાત કરે છે પરંતુ લોકશાહીમાં કોઈની વાત ચાલતી નથી. ૯૨ સિમેન્ટના કારખાના બંધ હાલતમાં છે. નેતાઓને પડી નથી. તેમણે કહ્યું હતું કે, ઝારખંડમાં સ્થિતિ બદલવામાં આવે તે જરૂરી છે. જન ધન યોજના અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસે ૪૦ વર્ષ પહેલા જ બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, તમામ બેંક સરકારના કબ્જામાં છે. કોંગ્રેસે કહ્યું હતું કે, બેંકના પૈસા ગરીબોના કામમાં આવવા જોઈએ પરંતુ હેતુ યોગ્ય નહતો. મોદીએ ઓસ્ટ્રેલિયાના પ્રવાસથી પરત ફર્યા બાદ પલામુ જિલ્લામાં ડાલ્ટનગંજ અને ચાંદવામાં બે રેલીઓને સંબોધી હતી. આવનાર દિવસોમાં વધુ રેલી સંબોધે તેવી શક્યતા છે. ઝારખંડમાં જુદા જુદા તબક્કામાંવિધાનસભાની ચુંટણી યોજાનાર છે. ૧૪ વર્ષ અગાઉ આની રચના થયા બાદથી ભારે અસ્થિરતા રહી છે. ઝારખંડના ભાગ્યને બદલવા માટે તેઓ તૈયાર છે. ભારત હવે ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે જેથી ઝારખંડ પાછળ રહેવું જોઈએ નહીં. ઝારખંડમાં શાસક પાર્ટી લુટ ચલાવી રહી છે.

### દિલ્હી-આગરા કોરિડોર પર ટ્રાયલ પૂર્ણ

## પ્રથમ સેમી હાઈ સ્પીડ ટ્રેન મહિનાના અંતે શરૂ કરાશે

નવી દિલ્હી,તા. ૨૧

નવા રેલવે પ્રધાન દેશમાં સામાન્ય ટ્રેનના યાત્રીઓની ઈચ્છાને પૂર્ણ કરવાની દિશાં ઝડપથી આગળ વધી રહ્યા છે. આ મહિનાના અંત સુધીમાં દેશમાં પ્રથમ સેમી હાઈ સ્પીડ ટ્રેન શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. દિલ્હી-આગરા કોરિડોર પર ટ્રાયલની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. નવેમ્બરના અંતમાં આ ટ્રેનને લીલીઝંડી આપવામાં આવનાર ચે. અન્ય કોરિડરની પસંદગી પણ કરવામાં આવી છે. જેના પર સેમી હાઈ સ્પીડ ટ્રેન



દોડાવવામાં આવનાર છે. વર્તમાન ટ્રેનને અપગ્રેડ કહરીને પસંદગીના સેક્ટર પર ટ્રેનોની ગતિને વધારી દેવામાં આવનાર છે. ટ્રેનોની ગતિને ૧૬૦-૨૦૦ કિલોમીટર પ્રતિ કલાક કરવામાં આવનાર છે. અન્ય કોરિડોરમાં દિલ્હી-ચંદીગઢ-અમૃતસર, દિલ્હી-કાનપુર અને મુંબઈ-અમદાવાદનો સમાવેશ થાય છે. સેમી હાઈ સ્પીડ ટ્રેન માટે અન્ય જે રૂટોની પસંદગી કરવામાં આવી છે તેમાં નાગપુર-બિલાસપુરનો સમાવેશ થાય છે. અંદાજ મુજબ રેલવેને ગોલ્ડન ક્વાડ્રીલેટરલ નેટવર્ક પૂર્ણ કરવા માટે રૂપિયા નવ લાખ કરોડની જરૂર છે. જ્યારે બુલેટ ટ્રેન પર ૬૦૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. આ તમામ બજેટને લઈને વિરોધ પક્ષો વ્યાપક ટિકા સરકારની કરી રહ્યા છે. સરકાર દેશની પ્રથમ સેમી હાઈ સ્પીડ ટ્રેન નવેમ્બરથી શરૂ કરવાના તેના વચનને પાળી શકશે કે કેમ તેને લઈને ગૂંચ છે. કારણ કે હજુ સુધી રેલવેને આ ટ્રેનને દોડાવવા માટે કમીશ્નર રેલવે સેફ્ટીની મંજૂરી મળી નથી. અલબત્ત રેલવેને હજુ પણ આશા છે કે ટુંક સમયમાં ગ્રીન સિગ્નલ મળી જશે અને ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડનાર ટ્રેન યાત્રી સેવા માટે ઉપલબ્ધ બની જસે.

રેલવે રાજ્ય પ્રધાન મનોજ સિંહાએ કહ્યું છે કે ટુંક સમયમાં જ સીઆરએસની મંજૂરી મળી જસે. જેથી ટ્રેન સર્વિસ શરૂ કરાશે.મોદી સરકારની કામગીરીને લઈને લોકો સંતુષ્ટ દેખાઈ રહ્યા છે.

## વાઢેરા ઉપર તલવાર : સરકારે કંપની, સંપત્તિની વિગત માંગી

ચંદીગઢ, તા.૨૧

હરિયાણાની સરકારે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાની માલિકીની કંપનીઓ, સંપત્તિ અને પ્રોપર્ટી અંગેની વિગતોની માંગ કરી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આગામી દિવસોમાં રોબર્ટ વાઢેરા ઉપર સકંજો મજબુત કરવામાં આવે તેવી શક્યતા છે. જમીન નોંધણી માટેના ડિરેક્ટર દ્વારા ગુડગાંવ જિલ્લા મેજીસ્ટ્રેટ-ડેપ્યુટી કમિશનરને પત્ર લખીને આ અંગેની વિગત આપવા માટે સુચના આપવામાં આવી છે. આનો મતલબ એ થયો કે વાઢેરા ઉપર સકંજો મજબુત કરવામાં આવનાર છે. ૧૫મી ઓક્ટોબરના દિવસે યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં ભાજપે જમીન કૌભાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો અને ચુંટણીના મુખ્ય મુદ્દા તરીકે આને બનાવ્યો હતો. હરિયાણામાં મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા બાદ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે મામલામાં પારદર્શક તપાસની ખાતરી આપી હતી. બે વરિષ્ઠ પ્રધાનો રામવિલાસ શર્મા અને અનિલ વીજ અગાઉ કહી ચુક્યા છે કે જ્યુડીશીયલ તપાસનો આદેશ કરવામાં આવશે અને કોઈપણ બચી શકશે નહીં. વાઢેરા ઉપર હરિયાણામાં કોંગ્રેસની હુડા સરકારના ગાળા દરમિયાન જમીન સૌદાબાજીમાં કરોડો રૂપિયા ઉભા કરવાનો આક્ષેપ છે. માર્ચ ૨૦૦૫થી ઓક્ટોબર ૨૦૧૪ વચ્ચેના ગાળામાં હુડા સરકાર હતી. એક સૌદાબાજી ૫૮ કરોડ રૂપિયાની હોવાનું જાણવા મળેલ છે. વીજ કહી ચુક્યા છે કે, આ જમીનનો મામલો સૌથી મોટો કૌભાંડ તરીકે છે.

### કટાક્ષિકા (પાના નં. ૪ નું ચાલુ))

**રઘો :** બાપા, થોડા સમય પહેલાં એ ટોળું કાગળો ચરી ગયું છે. આ તો મને ખબર પડી એટલે પાસે જઇ એકના મોંમાંથી કાગળ ખેંચ્યો તો હજારની નોટનો ટૂકડો નીકળ્યો!

**પટેલ :** અલ્યા, એમ હજારની નોટો રસ્તામાં હોય ખરી?

**રઘો :** બાપા, આ તો ખાડામાં દાટેલી ગાડરાંએ ખોદી કાઢી ચરતાં હતા. જોયું તો એવા ઘણા ખાડા જોયા અને તેના પર જુદા જુદા બોર્ડ લગાડેલા જેવાકે સ્વીસ બેંક, એચ.એસ.બી.સી, જીનીવા વગેરે વગેરે...

**પટેલ :** હં... એ કાળાં નાણાં ચરી ગયાં એટલે ઊન કાળું થઇ ગયું ખરું ને?

**રઘો :** ચરી ગયાં નહિ, બાપા ગળી ગયા, આખે આખી નોટો પેટમાં પધરાવી દીધી છે.


**પટેલ :** તો તો ઓપરેશનો કરાવવાં પઢશો અને તે પણ પેલી નોટો પેટમાં હજર થિ જાય તે પહેલાં.

**રઘો :** હા બાપા, મનેય ચિંતા થાય છે. આ બધાંને પેટ ચીરવાં પડશે અને નોટો બહાર કાઢવી પડશે.

**પટેલ :** રઘા, ગભરાઇશ નહીં. આપણી પાસે નિષ્ણાત ડોક્ટરો છે અને આધુનિક સાધનો છે. દવાઓ પણ એવી છે કે દવામાં બોળેલા ચિપિયો તેમના પેટને ડોક્ટર અડાડશે એટલે પેટમાં પધરાવેલી બધી નોટો તારા ગાડરાં ઓકી જશે.

**રઘો :** તો હવે ઝટ કરોને, બધી નોટો ઓકાવી દઇએ!

**પટેલ :** અલ્યા એમ કંઇ ઝટ થાય? સમય તો લાગે ને? ખોટી કાગારોળ મચાવે કમ બગડે. ધીરજ તો રાખવી પડે ને? ધીરજનાં જ ફળ મીઠાં હોય!



ભારતના લોકપ્રિય ક્રિકેટર વિરાટ કોહલીએ મુંબઈમાં મોડેલ્સ સાથે રેમ્પ વોક કરી એક ફેશન બ્રાન્ડનો લોન્ચ કરી હતી.

## સંસદનું સત્ર સોમવારથી શરૂ થશે : સુધારા આગળ વધશે

નવી દિલ્હી, તા. ૨૧

સંસદનું શિયાળુ સત્ર સોમવારથી શરૂ થઈ રહ્યું છે જેમાં સરકાર સુધારા પગલાની દિશામાં ઝડપથી આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. મોદી સરકારે વિકાસલક્ષી શ્રેણીબદ્ધ પગલાઓની એક યાદી તૈયાર કરી લીધી છે. આગામી ચાર મહિનાના ગાળામાં અમલી બનાવવા માટે મોદી સરકારે પોતાની યોજના તૈયાર કરી છે. અલબત્ત વર્ષ ૨૦૧૪-૧૫ના નાણાકીય મહેસુલી ખાદ્યને કાબુમાં લેવાની વાત મુશ્કેલરૂપ દેખાઈ રહી છે. મોદીએ વિમા ઉદ્યોગમાં વિદેશી મૂડીરોકાણને મંજુરી આપવા ખાસ નિતિ તૈયાર કરી છે. લેબર અને જમીન સુધારા સહિતના અન્ય બિલ પણ હાથ ધરવામાં આવનાર છે. ૨૩મી ડિસેમ્બરના દિવસે સત્ર પૂર્ણ થઈ ગયા બાદ નાણાંમંત્રી અરુણ જેટલીના બીજા બજેટ ઉપર ધ્યાન કેન્દ્રીત થઈ જશે. ફેબ્રુઆરી મહિનામાં બજેટ રજુ થનાર છે. સરકાર તમામ પાસાઓને લઈને સાવધાન છે.

## દિલ્હી ચૂંટણી : વિજય ગોયલ ફરી એકવખત સંપૂર્ણ સક્રિય

નવી દિલ્હી,તા. ૨૧

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં બહુમતિ સાથે જીત મેળવી લેવા માટે ભાજપ પ્રમુખ અમિત શાહ કમર કસી ચુક્યા છે. તેઓ તમામ પાસા પર ધ્યાન આપી રહ્યા છે. ગયા વખતે માત્ર પાંચ બેઠકોના કારણે ભાજજ બહુમતિના આંકડાથી દુર રહી ગયા બાદ આ વખતે રેકોર્ડ જીત મેળવી લેવા તૈયારી કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી દિલ્હીની રાજનિતીથી દુર રહી ચુકેલા પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય વિજયગોયલ પ્રદેશ એકમમાં ફરી સક્રિય રસ લઇ રહ્યા છે. એમ માનવામાં આવે છે કે ભાજપ પ્રમુખ અમિત શાહના ઇશારે તેઓ સક્રિય થયા છે. વિજય ગોયલ દર રોજ લોકોની સાથે બેઠકો યોજી રહ્યા છે. તેમના ફોટા સાથેના હોર્ડિંગ દિલ્હીમા ંજગ્યા જગ્યો લાગી રહ્યા છે. એક વરિષ્ઠ નેતાએ કહ્યું છે કે શાહ હાલમાં પ્રદેશ નેતાઓ સાથે એક બેઠક યોજી હતી. જેમા ંઅમિત શાહે દિલ્હી વિધાનસભાની ચૂટણી માટે સક્રિય થવા ગોયલને કહ્યું હતુ. જુદા જુદા સ્થળો પર હોર્ડિંગ મુકવામાં આવી રહ્યા છે. આ હોર્ડિંગમાં શાહ અને પ્રદેશ બાજપ પ્રમુખ સતીશ ઉપાધ્યાય નજેર પડી રહ્યા છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં ગોયલના વિરોધ બાદ પણ ભાજપે તેના મુખ્યપ્રધાન પદના ઉમેદવાર તરીકે હર્ષવર્ધનની પસંદગી કરી હતી. પાર્ટીએ શાનદાર દેખાવ કર્યો હતો પરંતુ તેની પાંચ બેઠકો ઓછી પડી હતી. દિલ્હીમાં જટિલ સ્થિતી સર્જાયા બાદ રાજકીય અનિશ્ચતાની સ્થિતી રહી હતી. અરવિન્દ કેજરીવાલના નેતૃત્વમાં એએપી પાર્ટીએ ૪૯ દિવસ સુધી સરકાર ચલાવ્યા બાદ રાજીનામુ આપ્યું હતુ. ત્યારબાદ દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદી દેવામાં આવ્યું હતુ. મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. હવે દિલ્હીમાં ફરી ચૂંટણીની તૈયારી શરૂ કરાઇ છે. ભાજપ અને એએપી વચ્ચે મુખ્ય સ્પર્ધા છેપરંતુ કોંગ્રેસ પણ પ્રયાસ કરનાર છે.

## મુંબઈ-અમદાવાદ વચ્ચે પ્રથમ બુલેટ ટ્રેન દોડશે

નવી દિલ્હી,તા. ૨૧

નવા રેલવે પ્રધાન સુરેશ પ્રભુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી અમદાવાદ-મુંબઈ વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેન દોડાવવાની પહેલની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યા છે. પ્રભુએ ૫૪૩ કિલોમીટર લાંબા મુંબઈ-અમદાવાદ કોરિડોરની પ્રગતિને લઈને અધિકારીઓ સાથે સતત વાતચીત જારી રાખી છે. તેમણે કહ્યું છે કે આ રૂટ પર કેટલાક ફિઝિબિલિટી અભ્યાસ પૂર્ણ કરવામાં આવ્યા બાદ બાકીની અડચણોને દુર કરવામાં આવે તે જરૂરી છે. પ્રભુ દ્વારા કહેવામાં આવ્યું હતું કે આ પ્રોજેક્ટ સૌથી પહેલા આગળ વધે તે જરૂરી છે. અગાઉના બજેટમાં આની જાહેરાત પણ કરવામાં આવી ચુકી છે. અમદાવાદ-મુંબઈ ટ્રેન ઉપર ૬૦૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. જ્યારે ગોલ્ડન ક્વાડ્રિલેટરલ નેટવર્કને પૂર્ણ કરવા નવ લાખ કરોડ રૂપિયાની રેલવેને જરૂર પડશે.

## ઝારખંડ : મોટા નક્સલી હુમલાની ફરી ચેતવણી

રાંચી, તા. ૨૧

ઝારખંડમાં વિધાનસભાની ચુંટણી દરમિયાન નક્સલી હુમલા મોટાપાયે થઈ શકે છે તેવી ચેતવણી બાદ સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. ઈન્ટેલીજન્સ બ્યુરો તરફથી પ્રાપ્ત આંકડામાં જણાવાયું છે કે, નક્સલવાદીઓ ચુંટણીવેળા ખલેલ પહોંચાડી શકે છે. આઈબીના અહેવાલમાં જણાવાયું છે કે, પ્રતિબંધિત આઈએમની સાથે મળીને નક્સલવાદીઓ આગળ વધવા માટે વિચારી રહ્યા છે. વડાપ્રધાન મોદી આજે ઝારખંડ પહોંચ્યા હતા અને ચુંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. ઝારખંડના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ રાજીવકુમારે વિગત આપતા કહ્યું હતું કે, રાંચીના નિવાસી અમરીશકુમારને એકપત્ર મળ્યો હતો જેમાં જણાવાયું હતું કે, નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવામાં આવે.

## કિકની સિક્વલ ફિલ્મ બનાવવાની હિલચાલ

મુંબઈ,તા. ૨૧

બોલીવુડના સુપરસ્ટાર સલમાન ખાનની તાજેતરમાં જ રજુ થયેલી અને ૨૪૦ કરોડથી પણ વધુની કમાણી કરીને રેકોર્ડ સર્જનાર કિક ફિલ્મની સિક્વલ બનાવવાની હિલચાલ શરૂ થઈ ચુકી છે. સાજિદનડિયાદવાલા કિક ફિલ્મની સિક્વલમાં પણ સલમાન ખાનને લે તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલ ફિલ્મની પટકથા પર કામ શરૂ થયું છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સાજિદ નડિયાદવાલાએ હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી પરંતુ સુત્રોનું કહેવું છે કે, ફિલ્મના અન્ય કલાકારોની પસંદગી ઉપર ચર્ચા થઈ છે. કિક ફિલ્મમાં સલમાન ખાન ઉપરાંત રણદિપ હુડા, નવાજુદીન સિદકી અને જેકલીનની મુખ્ય ભૂમિકા હતી. આ ફિલ્મના તમામ ગીતો પણ બોક્સઓફિસ પર સફળ રહ્યા હતા. ભારે દબાણ બાદ સાજિદ કિકની સિક્વલ ફિલ્મ બનાવવાની તૈયારીમાં લાગી ગયા છે.

### સમાચાર ઝલક

- અમદાવાદમાં મહિલા ડોક્ટર પાસે ફોન પર બીભત્સ માગણી કરતા ૪ કિશોર ઝડપાયા.
- ગોધરા કાંડમાં ફાંસીની સજા પામનાર સલીમ જાર્દા જામીન મેળવી ફરાર.
- ઈમીટેશન જવેલરી માર્કેટમાં બે વર્ષમાં ૮૫ ટકા માંગ વધી.
- પોલિસ ખાતામાં વિવિધ કેડરોમાં ૮૪૫૦ જગ્યાઓ તાત્કાલિક ભરાશે.
- કાશ્મીરની ચુંટણીમાં ચંચુપાત ન કરવા પાકિસ્તાનને ચેતવણી આપતું અમેરિકા.
- ફેસબુક પર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અઢી કરોડ ફોલોઅર્સ.
- ભારતમાં ૧૩૩ જાતની દરિયાઈ શેવાળ થાય છે. સૌરાષ્ટ્રમાં સરગૌસા શ્રેષ્ઠ શેવાળ.
- મયપ્પન સામે સખ્ત કાનૂની કાર્યવાહી કરવી જોઈએ : ભૂતપૂર્વ ક્રિકેટર સુનિલ ગાવસ્કર.
- વજન ઘટાડવા માટે દૂધ વિનાની ચા પીવાની જરુરિયાત - અભ્યાસનું તારણ.
- અમરેલીમાં લોખંડ ભરેલા ટ્રેક્ટરે ત્રણ યુવાનોને કચડી નાંખ્યા.
- પાલીતાણામાં આદેશ્વર દાદાની ૧૦૮ ફુટની પ્રતિમાની જાન્યુઆરીમાં પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.
- રાજકોટમાં ચાર ભ્રષ્ટ અધિકારીઓ સામે લાંચ રૂશ્વત ખાતાએ તપાસ કરી ગુના નોંધાવ્યા.
- ભાવનગર-સુરેન્દ્રનગરમાં ભૂકંપના હળવા આંચકા.